---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રવિકુમાર આર. પરમાર)**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ**

---

**ફોજદારી કેસ નંબરઃ– ૧૭૯/૨૦૨૬**

**આંકઃ– ૦૭**

ફરીયાદી ઃ– **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

આરોપી ઃ– **સંજયભાઇ જીતુભાઇ રાઠોડ**

રહે. ભીમપુરા, નવી નગરી, તા. આમોદ, જી. ભરૂચ.

---

**ગુનો –પ્રોહિબીશન ઍક્ટની કલમ –૬૬(૧)બી, ૮૫ મુજબ**

---

## ***JUDGEMENT***

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અ.પો.કો. રમેશભાઇ રણુંભાઇ તથા અ.હે.કો. વિજયભાઇ દાનાભાઇ તા. ૩૧/૦૧/૨૦૨૫ ના રોજ ખાનગી વાહનમાં સમની બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ભીમપુરા, તળાવની પાળ પાસે આવતા રસ્તા ઉપર આરોપી સંજયભાઇ જીતુભાઇ રાઠોડ નાઓ લવારા કરતો લથડીયા ખાતો આવતો હોય. જેથી આરોપીને રોકી લીધેલ અને મોઢામાંથી દારૂ પીધેલાની તીવ્ર વાસ આવતી હતી. જેથી પંચો રૂબરૂ ચલાવી જોતાં તે પોતાના શરીર સ્થિતિની સંભાળ રાખી શકતો ન હોય અને ગમે તેમ લવારા કરી લથડીયા ખાતો મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલાની ફરીયાદીની ફરીયાદના આધારે ગુનો દાખલ

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.**

કરી, આરોપીને અટક કરેલ અને તપાસના અંતે ઉપરોક્ત ગુનાનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલ, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપી, આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો માખિક તથા દસ્તાવેજી પૂરાવો રજુ કરેલ છે.

(૧) આંક–૦૫ થી તપાસ કરનાર અમલદાર અ.હે.કો. વિજયભાઇ દાનાભાઈ ની જુબાની

(૨) આંક–૦૬ થી ફરીયાદ

(૪) સદર કામે ફરીયાદી પક્ષ તર્ફે રજુ કરાયેલ લેખિત અને મૌખિક પુરાવાઓને ધ્યાને લેતાં, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું નિવેદન નોંધવું અત્રેની કોર્ટ ને જરૂરી નહીં લાગતાં, આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. વળી, સદર નિવેદન ન લેવાથી આરોપીના અધિકારને કોઈ પ્રેજયુડાઈશ થાય તેમ કોર્ટને જણાતું નથી.

(૫) આ કામમાં મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તારીખ ૩૧/૦૧/૨૦૨૫ ના રોજ ભીમપુરા, તળાવની પાળ પાસે આવતા રસ્તા ઉપર વગર પાસ પરમીટે દારૂ પી નશો કરી, જાહેરમાં લવારો કરતો, લથડીયા ખાતો મળી આવી પકડાઇ જઇ, ધી ગુજરાત

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

પ્રોહિબીશન એકટની કલમ– ૬૬(૧)(બી), ૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>:: કારણો ::</u>**

**(૭)** આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આંક–૦૫ થી ત.ક. અમલદાર અ.હે.કો. વિજયભાઇ દાનાભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમણે સદર કામે કરેલ તપાસ અને થયેલ ગુના અંગે જુબાની આપેલી છે. વળી, તેઓ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેઓ દારૂ પરખવાના નિષ્ણાંત નથી અને સદર કામે ફોર્મ "સી" રજુ કરેલ નથી.

**(૮)** વળી, રજુ થયેલ પુરાવો જોતા નામદાર કોર્ટને સદર કામે અન્ય કોઇ વધુ સાક્ષી તપાસવાથી ફળદાયી પરિણામ આવે તેવુ જણાઇ આવેલ નહી. જેથી નામદાર કોર્ટનો સમય વેડફાય નહી અને સદર કામે ઝડપી નિકાલ આવે તે હેતુથી અન્ય કોઇ સાક્ષીને તપાસેલા નથી.

**(૯)** આમ, રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા માલુમ પડે છે કે, મુખ્ય સાહેદ એવા ત.ક.અમલદારની જુબાની જોતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ દારૂ પરખવાના નિષ્ણાંત નથી અને સદર કામે ફોર્મ "સી" રજુ કરેલ નથી. વધુમાં જો બોમ્બે પ્રોહી. રૂલ્સ ૧૯૫૯ ના નિયમ–૪ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીનું બ્લડ લેવાની પ્રક્રિયા વિશે જણાવેલ છે. વળી, નિયમ–૪ મુજબ ડો. શ્રીએ આરોપીનું લોહી લીધા

પછી દિન–૭ માં તેનું સેમ્પલ લેબમાં મોકલી આપવાનું હોય છે. તેમજ જો નિયમ–૫ વંચાણે લેવામાં આવે તો તેમાં ટેસ્ટીંગ લેબોરેટરી દ્વારા દારૂ પીધેલ હોવા અંગેનું ફોર્મ–સી મોકલવા બાબત છે. વળી, સદર કામે ત.ક. અમલદાર દ્વારા ચાર્જશીટ સાથે ફોર્મ–સી રજુ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં આરોપીનું બ્લડ સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરીને દિન–૭ માં મળી ગયેલ અને આરોપીએ દારૂ જેવું કોઇ કેફી પીણું પીધેલાનું ચોક્કસપણે કરેલ તે સાબિત થતુ નથી.

(૧૦)આમ, ઉપરોકત પુરાવાના વિશ્લેષણ ના આધારે આ કામે સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે ફરિયાદપક્ષ આરોપી નશો કરેલી સ્થિતિમાં મળી આવેલાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુનાના તત્વો સંતોષતા ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૦૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –::આખરી હુકમ::–

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૭૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬(૧)બી, ૮૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીના ટ્રાયલ દરમિયાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

હુકમ આજ તારીખ ૧૮ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
સ્થળઃ આમોદ

(રવિકુમાર આર. પરમાર)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
આમોદ.
કોડ–જી.જે. ૦૧૬૦૩

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**